# આણંદ કૃષિ યુનિવર્સિટી, ઈન્ડિયન સોસાયટી ઓફ સોઈલ સાઈન્સ, આણંદ ચેપ્ટર તથા કૃભકો દ્વારા સંયુક્ત ઉપક્રમે આકૃયુ, આણંદ ખાતે સ્પેશિયલ લેકચર્સ અને બેસ્ટ પીજી થિસીસ પ્રેસન્ટેશન એવોર્ડ વિતરણ

આણંદ કૃષિ યુનિવર્સિટી, ઈન્ડિયન સોસાયટી ઓફ સોઈલ સાઈન્સ, આણંદ ચેપ્ટર તથા કૃભકો દ્વારા સંયુક્ત ઉપક્રમે શુક્રવાર તા.૨૭.૦૯.૨૦૨૪ના રોજ સરદાર પટેલ એગ્રીકલ્ચરલ એજ્યુકેશનલ મ્યુઝિયમના કોન્ફરન્સ હોલ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે સ્પેશિયલ લેકચર્સ ઓન 'રોલ ઓફ નેચરલ સોર્સિસ ઈન સસ્ટેનેબલ એગ્રીકલ્ચર' અને બેસ્ટ થિસીસ પ્રેસન્ટેશન એવોર્ડ વિતરણનું આયોજન ડૉ. કે. બી. કથીરીયા, માનનીય કુલપતિશ્રી, આ.કૃ.યુ., આણંદના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેનો મુખ્ય ઉદ્દેશ ખેતીમાં જમીનની ફળદ્રુપતા તથા કુદરતી સ્ત્રોતોની જાળવણી તથા તેનો સદઉપયોગ કરવા અંગેની જાગૃતતા લાવવા માટેનો હતો. આ પ્રસંગે વડોદરા તથા ભરૂચ જીલ્લાની મહિલા ખેડૂતો, આણંદ કૃષિ યુનિવર્સિટીના પીજી વિધાર્થીઓ, ફેકલ્ટી તથા ઈન્ડિયન સોસાયટી ઓફ સોઈલ સાઈન્સ, આણંદ ચેપ્ટરના સભ્યો તથા સભાસદો મળીને અંદાજે ૧૪૦ લોકોએ ભાગ લીધો હતો.

સદર કાર્યક્રમની શરૂઆતમાં સ્વછતા પખવાડિયા ઉજવણી અંતર્ગત "સ્વસ્થતા હી સેવા ૨૦૨૪" સાથે શપથ લેવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ડૉ. વી. પી. રામાણી, પ્રમુખશ્રી, ઈન્ડિયન સોસાયટી ઓફ સોઈલ સાઈન્સ, આણંદ ચેપ્ટર દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે અધ્યક્ષ સ્થાનેથી માન. કુલપતિશ્રી, ડૉ. કે. બી. કથીરીયા દ્વારા ઉપસ્થિત સર્વેને કુદરતી સ્ત્રોતો અંગેના વ્યવસ્થાપન તથા તેની ખેડૂતોમાં જાગૃતતા લાવવા માટે ભાર મુક્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સંશોધન નિયામક અને વિદ્યાશાખાધ્યક્ષશ્રી, ડૉ. એમ. કે. ઝાલા દ્વારા જમીન અને પાણીની ખેતીમાં સુચારૂ ઉપયોગ વિષે વિસ્તૃત માહિતી આપી હતી. આ સમારંભમાં અતિથિ વિશેષ તરીકે ડૉ. જે. કે. પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદ, ડૉ. વાય. એમ. શુક્લ, આચાર્યશ્રી, બં. અ. કૃષિ મહાવિદ્યાલય તથા શ્રી કે. એમ. વસોયા, સિનિયર સ્ટેટ મેનેજર, કૃભકો હાજર રહ્યા હતા. શ્રી કે. એમ. વસોયા દ્વારા કૃભકોની ખેડૂતલક્ષી વિવિધ પ્રવૃતીઓ તથા આ.કૃ.યુ. સાથે બાયોફર્ટીલાઈઝર અંગેના એમઓયુ વિષયે જાણકારી આપી હતી. શ્રી ફ્રાન્સિસ મેકવાન, ડાયરેક્ટર, સૃષ્ટિ ઓર્ગેનિક પણ આ પ્રસંગે હાજર રહ્યાં હતા.

સદર કાર્યક્રમમાં વિષય નિષ્ણાત તરીકે ડૉ. કે. પી. પટેલ, ભૂતપૂર્વ આચાર્યશ્રી, બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ દ્વારા "ટકાઉ ખેતીમાં બાયોગેસ સ્લરી આધારીત સેન્દ્રીય ખાતરોનો ઉપયોગ" તથા શ્રી. જે. એ. પટેલ, એરિયા મેનેજર, કૃભકો, વડોદરા દ્વારા "કૃભકોની પ્રવૃતિઓ તથા ટકાઉ ખેતીમાં વૈકલ્પિક ખાતરોનો અભિગમ" વિષય પર વ્યાખ્યાયન આપવામાં આવ્યુ હતું.

વધુમાં જમીન વિજ્ઞાન વિષય પર ગુજરાત રાજ્યની ચાર કૃષિ યુનિવર્સિટીમાંથી અનુસ્નાતક ડીગ્રી મેળવેલ વિધાર્થીઓ દ્વારા તેઓશ્રીના સંશોધન વિષય પર સ્પર્ધાત્મક થિસિસ પ્રેઝન્ટેશનમાં વિજેતાઓના નામ આણંદ ચેપ્ટરના સેક્રેટરી ડૉ. કે. સી. પટેલ દ્વારા જાહેર કરવામાં આવ્યા અને મહાનુભાવોના હસ્તે વિદ્યાર્થીઓને ઈનામ તથા સર્ટીફિકેટ વિતરણ કરી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. વિશેષમાં હાજર રહેલ ખેડૂતોને એફ.પીટી. કોલેજના ડૉ. સ્વાતિ આણદાણી દ્વારા "મગ તથા મઠ પાકોમાં મુલ્યવર્ધન" વિષય પર વ્યાખ્યાયન આપવામાં આવ્યું અને ફુડ પ્રોસેસીંગ યુનિટની મુલાકાત કરાવવામાં આવી હતી. સમગ્ર પ્રોગ્રામનું એંકરીંગ ડૉ. આકાશ મિશ્રા, મદદનીશ પ્રાધ્યાપક દ્વારા કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમના અંતે ડૉ. જે. કે. પરમાર, જોઈન્ટ સ્કેટરી, દ્વારા આભાર વ્યક્ત કર્યો હતો. પ્રોગ્રામને સફળ બનાવવા માટે ડૉ. એન. જે. જાદવ તથા ડો. દિલીપ કુમારે પણ સક્રિય ભાગ ભજવ્યો હતો

## કાર્યક્રમની ઝાંખીઓ


KRIBHCO
Special Lectures on
Role of Natural Sources in Sustainable Agriculture
Organic Fertilizer Promotion Campaign








KRIBHCO
Special Lectures on
Role of Natural Sources in Sustainable Agriculture
Krishak Bharati Cooperative Limited (KRIBHCO)
Organic Fertilizer Promotion Campaign






















AAU | INDIAN SOCIETY OF SOIL SCIENCE Estd. 1934 | SWACHHATA HI SEVA 2024 17th September - 2nd October 2024 Swabhav Swachhata, Sanskaar Swachhata | KRIBHCO Cooperative and beyond.... सहकार से समृध्दि की और....

## Special Lectures on

Theme

# Role of Natural Sources in Sustainable Agriculture

Jointly Organized By

Anand Chapter of Indian Society of Soil Science (ISSS)
Department of SSAC, B. A. College of Agriculture,
Anand Agricultural University, Anand, Gujarat
&
Krishak Bharati Cooperative Limited (KRIBHCO)

Under the Scheme

## Organic Fertilizer Promotion Campaign

**Date: 27th September, 2024 at 10.00 am**
**Venue: Sardar Patel Agricultural Educational Museum, AAU, Anand**